**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# ઉકેલ પત્ર : બાળ સત્સંગ - બીજી

| | |
|---|---|
| ગુણ | - ૯૫ |
| સારા અક્ષરના ગુણ | - ૫ |
| કુલ ગુણ | -૧૦૦ |

**(સમય : સવારે ૯ થી ૧૧)** **(રવિવાર, ૧ માર્ચ, ૨૦૦૯)**

**બાળ સત્સંગ-૨ : અગિયારમી આવૃત્તિ - સપ્ટેમ્બર, ૨૦૦૭**

**પ્ર.૧. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૧૦)**

૧. પાઘડી (૧૫અ/૨૯) ૨. રામદાસ સ્વામી (૧૮અ/૩૫) ૩. દીવાન (૧૯અ/૩૭) ૪. જીવુબા (૨૨અ/૪૩)
૫. પીરુશા (૨૫અ/૫૦) ૬. પ્રભુને (૨બ/૫૩) ૭. ભાવનગર (૮બ/૬૩) ૮. ૧૫ (૭બ/૬૨)
૯. વાસણ માંજવાનું (૧૪બ/૭૨) ૧૦. દશરથ (૨૦બ/૮૪)

**પ્ર.૨. નીચે આપેલાં ખરા વાક્યની સામે '✔' (ખરા)ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે '✘' (ખોટા)ની નિશાની કરો. (કુલ ગુણ : ૧૦)**

૧. ખરું - ✔ (૧અ/૨) ૨. ખોટું - ✗ (૧૭અ/૩૩) ૩. ખોટું - ✗ (૧૮અ/૩૬) ૪. ખરું - ✔ (૨૦અ/૪૦)
૫. ખરું - ✔ (૨૨અ/૪૪) ૬. ખોટું - ✗ (૪બ/૫૬) ૭. ખરું - ✔ (૬બ/૫૮) ૮. ખોટું - ✗ (૧૪બ/૭૧)
૯. ખરું - ✔ (૨૪અ/૪૭) ૧૦. ખોટું - ✗ (૧૬બ/૭૪)

**પ્ર.૩. નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ભોળાનાથના દીકરા મૂળ અક્ષર હતા તેથી રામાનંદ સ્વામીએ તેમનું નામ મૂળજી પાડ્યું. (૧અ/૨)
૨. શ્રીજીમહારાજે પીળું પીતાંબર અને માથે દક્ષિણી પાઘ પહેરી હતી. (૪અ/૬)
૩. શ્રીજીમહારાજ એ જ હરિકૃષ્ણ મહારાજ એ દિવસે તેમનો જન્મદિવસ હોવાથી રામનવમીને હરિજયંતિ કહેવામાં આવે છે. (૭અ/૧૩)
૪. હેં રામા હાટી ! જાનવર માણસનું ખાણું ન ખાય અને માણસ જાનવરનું ખાણું ખાય એ કેવું કહેવાય ? (૧૨અ/૨૪)
૫. ગુણાતીતાનંદ સ્વામી એ જ રાત્રે ધામમાં પધારી જવાના હતા માટે રાહ ન જોઈ. (૧૪અ/૨૮)
૬. રાજકુંવરના લગ્નનું કાર્ય રૂડી રીતે પાર પડે એટલે અમારી કુળદેવીએ મોવાળા દેવાની બાધા રાખી હતી. (૧૭અ/૩૪)
૭. કૂતરાએ બગાડેલો ઓટલો સાફ કરી ફરી પાછા નદીએ નાહવા ગયા માટે મોડા આવ્યા. (૨૩અ/૪૬)
૮. સાંજે ઘરમાં બધાંએ ભેગાં મળી સંધ્યા આરતી અને ધર્મગ્રંથમાંથી થોડું વાંચન કરવું જોઈએ. (૩બ/૫૫)
૯. એમના અનુભવ અને જ્ઞાનનો લાભ મળે માટે યોગીજી મહારાજ વૃદ્ધ અને અંધ સાધુ સાથે ફરતા. (૯બ/૬૫)
૧૦.હિરણ્યકશિપુની બહેનનું નામ હોલિકા, તેને અગ્નિ સ્પર્શ કરી શકતો નહિ. (૧૮બ/૭૮)

**પ્ર.૪. નીચે આપેલાં અવતરણો કોણ, કોને કહે છે તે જણાવો. (કુલ ગુણ : ૧૦)** **☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ**

૧. મૂળજી - મહારાજને (૪અ/૮) ૨. સ્વામી - (ગુણાતીતાનંદ સ્વામી) - મુક્તાનંદ સ્વામીને (૫અ/૧૦)
૩. ભગુભાઈ - ગુણાતીતાનંદ સ્વામીને (મહારાજ) (૧૧અ/૨૧)
૪. સ્વામીશ્રી (શાસ્ત્રીજી મહારાજ) - મોતીભાઈને (૧૨બ/૬૮) ૫. પ્રાગજી ભક્ત - બાળ મિત્રોને (૪બ/૫૬)

**પ્ર.૫. નીચે આપેલાં પ્રશ્નોના જવાબ ત્રણ લીટીમાં આપો. (કુલ ગુણ : ૧૦)** **☞ નોંધ :- અડધો જવાબ સાચો હોય તો ૧ ગુણ આપવો.**

૧. 'યાદ તો એવો કરે છે કે કંઈ કહેવાની વાત નહિ ! શ્વાસે શ્વાસે તમારું નામ લે છે. શી ખબર એને તમારા પર આટલું હેત ક્યાંથી છે?' અમે તો તમારું નામે નહોતું સાંભળ્યું, ત્યારનો એ તમને ઓળખે છે ! (૩અ/૬)

૨. 'તમે બધાય જાણો છો કે દૂબળી ભટ્ટની પાસે નથી ઘર, નથી બાર, નથી પડી રહેવાનો ઓટલો ! આ તેર પૈસા એની આખી જિંદગીની કમાણી છે. આણે તો બધું જ ભગવાનને દઈ દીધું ! હવે તમે જ કહો, ભગવાન પર એનો ભરોસો વધારે કે તમારો ?' (૧૫અ/૩૦)

૩. કમળશીનો ખાટલો ખભે લઈને ઝીણાભાઈ ચાલ્યા તેથી બમણાં ડગલાં ઝીણાભાઈની નનામી ઉપાડી મહારાજ ચાલ્યા. ભગવાનના ભક્ત થવું કઠણ છે, અને ભક્તના ભક્ત થવું તો એથીય કઠણ છે ! એવું કઠણ કામ ઝીણાભાઈએ કર્યું તેથી મહારાજનો તેમના પર રાજીપો છે. (૨૪અ/૪૮)

૪. ધ્રુવ એટલે અચળ. ડુંગર ભક્ત પણ ધ્રુવજી જેવા અચળ હતા. એકવાર ડુંગર નક્કી કરે કે આમ કરવું છે, પછી સામે ભૂત,

પ્રેત, સુર, અસુર, લાલચ કે લોભ આવે, જે સામું આવે તેના ભુક્કા કરી નાખે. (૬બ/૬૧)

૫. સિનેમા ન જોવી, કારણ કે તેમાંથી ભગવાન ને ધર્મને માર્ગેથી પડી જવાય, અભક્ષ્ય વસ્તુ ખાવાનું મન થાય, ખોટું થાય, પૈસા અને મન બગડે. (૨૧બ/૮૫)

**પ્ર.૬. નીચે આપેલાં પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની આગળના ચોરસ ખાનામાં <u>ફક્ત જવાબ નંબર</u> લખો. (કુલ ગુણ : ૧૦)**

| | | | | |
|---|---|---|---|---|
| **૧.** ૪ (૬અ/૧૧) | **૨.** ૩ (૭અ/૧૩) | **૩.** ૨ (૯અ/૧૬) | **૪.** ૩ (૧૮અ/૩૬) | **૫.** ૧ (૧૦અ/૧૯) |
| **૬.** ૨ (૧૪અ/૨૭) | **૭.** ૩ (૧૩બ/૭૦) | **૮.** ૧ (૪બ/૫૫) | **૯.** ૪ (૧૨બ/૬૯) | **૧૦.** ૪ (૨૧અ/૪૧) |

**પ્ર.૭. વિભાગ ‘બ’માંથી યોગ્ય જવાબનો <u>ક્રમાંક</u> પસંદ કરી, વિભાગ ‘અ’ સામેના ચોરસમાં <u>ફક્ત જવાબનો ક્રમાંક</u> લખી જોડકાં બનાવો. (કુલ ગુણ : ૫)**

| ‘અ’ | | ‘બ’ |
|---|---|---|
| ૧. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ (૧અ/૨) | ૪ | ૧. જૂનાગઢ |
| ૨. ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા (૪અ/૯) | ૩ | ૨. ગોંડલ |
| ૩. ગુણાતીતાનંદ સ્વામીને મહંત (૯અ/૧૬) | ૧ | ૩. ડભાણ |
| ૪. ગુણાતીતાનંદ સ્વામી ચાંદીની પાલખીમાં ન બેઠા (૧૩અ/૨૫) | ૫ | ૪. ભાદરા |
| ૫. ગુણાતીતાનંદ સ્વામીનું ધામગમન (૧૪અ/૨૮) | ૨ | ૫. ખંભાત |

**પ્ર.૮. નીચે આપેલી સ્વામીની વાતો પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- પૂરી વાત સાચી હોય તો જ ગુણ આપવા. અડધી વાત સાચી હોય તો ગુણ ન આપવા.**

૧. પાંચ-દશ વાર ‘સ્વામિનારાયણ-સ્વામિનારાયણ’ નામ જાણ્યે અજાણ્યે લેશે તેનું પણ આપણે કલ્યાણ કરવું પડશે ને આખા બ્રહ્માંડને સત્સંગ કરાવવો છે. (૧૭બ/૭૫)

૨. ભગવાન જીવના ગુના સામું જોતા નથી, તે કોઈ જીવ ભગવાનની સ્મૃતિ કરીને એમ બોલે જે, ‘હું ગુનેગાર છું’ તો તેના ગુના ભગવાન માફ કરે છે. (૧૭બ/૭૫)

૩. જો મોટાપુરુષ મળે તો તેનો સંગ કરવો, નીકર ઊતરતાનો સંગ તો કરવો જ નહિ. (૧૭બ/૭૫)

૪. ડાહ્યો હોય તેને વઢે ત્યારે રાજી થાય ને મૂર્ખ હોય તેને વખાણે ત્યારે રાજી થાય, એમ મહારાજ કહેતા. (૧૭બ/૭૫)

૫. ભગવાન ને ભગવાનના ભક્તની સેવા, એ બે માં જ માલ છે. (૧૭બ/૭૫)

**પ્ર.૯. નીચે આપેલાં કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

**☞ કિર્તન/અષ્ટક/શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. ભોળા થઈને કરીએ અમે તો, ભાત ભાતની ભૂલો, (૨)
પણ તુજને ન ભૂલીએ હરદમ, અમે ચડાવીએ ફૂલો, (૨)
એ ફૂલોમાં મૂકીએ અમે તો (૨) હરદમ પ્રાણ અમારા..... (૧બ/૫૩)

૨. અતિ મનોહરં સર્વ સુન્દરં તિલકલક્ષણં ચંચલેક્ષણં ।
વિબુધવન્દિતં સ્વામિનાથ તે વપુરિહાસ્તુનો નિત્ય દર્શને ॥ (૫બ/૫૮)

૩. ઢોલ નોબત વાજાં વગાડી શ્રીજી મહિમા ગાશું, ધજા રાખી ઊંચે ઊંચે દુનિયામાં લઈ જાશું.
સુખ આવે દુ:ખ આવે, કોઈની ફિકર નથી, અક્ષરધામમાં જાવું અમારે, સ્વામી પ્યારા સાથી. (૨૨બ/૮૬)

૪. કાજુ કમોદના ભાત કર્યા, મેં તો દાળ કરી બહુ સારી,
લીંબુ કાકડીનાં લેજો અથાણાં, કઢી કરી છે કાઠિયાવાડી. ........ મારે (૧૦બ/૬૬)

૫. આચારઃ પરમો ધર્મઃ આચારઃ પરમં તપઃ ।
આચારઃ પરમં જ્ઞાનં આચારાત્ કિં ન સાધ્યતે ॥ (૫બ/૫૮)

**પ્ર.૧૦. નીચે આપેલાં પાઠમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**૧. દ્વેષની સામે આશીર્વાદ :- (૮અ/૧૫)**

સ્વામિનારાયણના મુંડિયા ગામમાં પેઠા છે. અલ્યા મારો અને ઠાકોરના માણસોએ પથરા, ઢેખાળા, છાણાં અને ગાળોનો વરસાદ

વરસાવ્યો, અને સંતોને મારી ઝૂડીને ગામ બહાર કાઢ્યા, ખીચડી પણ ખાવા ન દીધી. તો પણ કોઈ સાધુએ સામો હાથ ન ઉગામ્યો કે હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો નહિ. બધા સ્વામિનારાયણનું ભજન કરતાં નદીકિનારે બેઠા. ત્યાં કેટલાક લોકોને સાધુઓએ બોલતાં સાંભળ્યા કે આ ઠાકોર કેવો દુષ્ટ છે ! બાપડા સાધુઓને મારીને કાઢી મેલ્યા ! આવા પાપીને ઘેર દીકરો ક્યાંથી હોય ? તે મંડળીમાં ગુણાતીતાનંદ સ્વામી પણ હતા. તેમણે બીજા સાધુઓને કહ્યું : મહારાજની આજ્ઞા છે કે ભૂંડું કરે તેનુંય ભલું કરવું માટે શુભ સંકલ્પ કર્યો, કે ઠાકોરને ઘેર દીકરો થાય. અને સંતોના ઉતારા દરબારગઢની ડેલીએ થાય. આશીર્વાદ ફળ્યા, થોડા વર્ષો બાદ ઠાકોરનો દીકરો સંતોને હાથ પકડી દરબારમાં લઈ જાય છે તેથી ઠાકોરથી કાંઈ બોલાયું નહિ. સંતોએ તેમને યાદ કરાવ્યું કે, સાધુના આશીર્વાદથી આ તમારે દીકરો થયો અને તમારી ડેલીએ અમારી સાધુઓની ઝોળી ટીંગાય છે. આજે અમારો સંકલ્પ પૂરો થાય છે. આ સાંભળી ઠાકોર સ્વામીના પગે પડ્યા. આંસુ ટપકતી આંખે એમણે કહ્યું : આવા કરુણાળુ બીજા કોઈ ન જોયા !

**૨. હૂકો ને અફીણ :- (૧૬અ /૩૧)**

કાઠી દરબાર મૂળુખાચર એટલે હૂકો અને અફીણના બંધાણી. મહારાજ કહે આ હોકો છોડો. પણ ના છોડે અને મહારાજ પણ એમને ના છોડે. એકવાર મહારાજે મૂળુખાચરને સંઘમાં સાથે લીધા અને મૂળુખાચરે સાથે હૂકો અને અફીણ લીધા. એ સંઘ જ્યાં રોકાય ત્યાં મૂળુખાચર હોકો ગગડાવવા બેસી જાય. એક ગામમાં સંઘ રોકાયો બધા એક બીજાને હેતથી ભેટ્યા પછી મૂળુખાચરને જોઈ બધા મોં મચકોડે અને બોલે આ સ્વામિનારાયણિયો નથી ત્યારે મૂળુખાચરને થયું આ તો મારે લીધે આખો સંઘ વગોવાય છે ! એટલે મૂળુખાચરે હૂકાનો ઘા કર્યો. આજથી બંધ - આગળ ચાલ્યા. ત્યારે મૂળુભા અફીણ ઘોળતા હતા. બધા કહે આ સત્સંગી નથી. બહારથી સંઘમાં ઘૂસી ગયા લાગે છે ! ત્યારે મૂળુખાચરે કહ્યું હું બહારથી નથી ઘૂસ્યો, અંદરનો જ છું. મહારાજ પોતે મને અહીં લઈ આવ્યા છે ! ત્યારે હરિભક્તોએ કહ્યું આવું ખોટું બોલી મહારાજને શું કામ બદનામ કરો છો, ભાઈ ! આ શબ્દો મૂળુભાના કાળજામાં વાગ્યા. આ તો મારે લીધે મહારાજ વગોવાય છે અને મૂળુભાએ અફીણનો ઘા કરી દીધો. આજથી બધુંય બંધ. મૂળુભા બધા હરિભક્તો જેવા નિર્વ્યસની બની ગયા ! તે મહારાજને ખબર પડી. તેમણે મૂળુભાને પૂછ્યું આમ કેમ ? ત્યારે મૂળુભાએ કહ્યું મહારાજ, એકમાં સંઘ વગોવાતો હતો અને બીજામાં તમે વગોવાતા હતા, એટલે બેય છોડ્યા ? મહારાજ કહે 'પણ મેં તમને છોડવાનું કહ્યું નથી!' મૂળુભાએ કહ્યું એ જ તો ખૂબી છે તમારી ! આમ મહારાજ પશુમાંથી દેવ બનાવતા.

**૩. ઠોઠ નિશાળિયો :- (૧૯બ/૭૯)**

સંસ્કૃત ભાષાના વ્યાકરણના રચયિતા પાણિનિનાં બાળપણની વાત છે. શાળામાં જાય, પણ ઠોઠ નિશાળિયા તરીકે ઓળખાય. એક દિવસ તે ઠોઠ નિશાળિયો એક જોશી પાસે ગયો. અને કહે, ''કહો, હું કેટલું ભણીશ ?'' જોશીએ હાથ જોઈ આંગળા ગણી કહ્યું, ''ભાઈ! તારા નસીબમાં વિદ્યા છે જ નહિ.'' પણ છોકરો નિરાશ ન થયો તેણે બાજુમાં પડેલું ચપ્પુ ઉપાડી જમણાં હાથમાં છેકો માર્યો ને બોલ્યો, 'આ મારી વિદ્યારેખા.' પછી તો એણે ભગવાનને પ્રાર્થના કરી કે ''હે, પ્રભુ! મારે ભણવું જ છે. મને બુધ્ધિ આપજો. યાદ શક્તિ આપજો'' અને તેણે ભણવા માંડ્યું. સવાર-સાંજ, રાત-દિવસ, બસ ભણ, ભણ ને ભણ કર્યું ને વિદ્વાન બન્યો. સંસ્કૃત ભાષાનું વ્યાકરણ બનાવ્યું જે આખી દુનિયામાં ભણાવાય છે. લોકો ઠોઠ કહેતા તોપણ જાતે મહેનત કરીને ભણ્યા. જેને ભણવું જ છે તેને કોઈ રોકનાર નથી. અને કોઈ નડનાર નથી.

☞ **નોંધ :- સારા, સ્વચ્છ અને સુંદર અક્ષરનાં પાંચ ગુણ આપવાનું ભૂલાય નહીં.**

❑ ❑ ❑